GSLSA દ્વારા નામદાર કોર્ટમાં રજૂ કરેલ ઇન્સ્પેક્શન રિપોર્ટ પર પગલાં લેવા ઉચ્ચ કક્ષાની સમિતિની રચના કરવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/MIS/e-file/23/2026/1219/A

સચિવાલય, ગાંધીનગર

તા.ઈ-સાઈન મુજબ.

વંચાણે લીધા :

(૧) PIL નં. ૩૨૧/૨૦૧૪ અંતર્ગત માન.હાઇકોર્ટનો તા.૨૯/૦૭/૨૦૨૬ અને તા.૨૩/૦૯/૨૦૨૬નો આદેશ

(૨) મેમ્બર સેક્રેટરી, ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરિટીનો તા. ૨૨/૦૯/૨૦૨૬ ના રિપોર્ટ

આમુખ:

રાજયના નારી સંરક્ષણ ગૃહો સંદર્ભે ગુજરાત હાઇકોર્ટમાં દાખલ થયેલ PIL નં. ૩૨૧/૨૦૧૪ પર નામદાર કોર્ટના તા.૨૯.૭.૨૦૨૬ના દિશાનિર્દેશ બાદ નારી સંરક્ષણ ગૃહોની રૂબરૂ મુલાકાત લઈ મેમ્બર સેક્રેટરી, ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરિટીએ રજૂ કરેલ તા. ૨૨/૦૯/૨૦૨૬ના રિપોર્ટ પર નામ. કોર્ટે તા.૨૩/૦૯/૨૦૨૬ના રોજ આદેશ કરેલ છે.

DLSA દ્વારા રજૂ કરવામાં આવેલ અહેવાલ ધ્યાને લઈ નામદાર કોર્ટે આપેલ આદેશ અન્વયે AAG એ સંબંધિત કલેક્ટરો સાથે તા.૦૯/૧૦/૨૦૨૬ ના રોજ વિડીયો કોન્ફરન્સ ગોઠવવામાં આવી હતી જેમાં DLSA દ્વારા રજૂ કરવામાં આવેલ ઇન્સ્પેક્શન રિપોર્ટમાં કરવામાં આવેલ અવલોકનો પર વિચારણા કરી નારી સંરક્ષણ ગૃહોમાં આ વિભાગના વર્ષ-૨૦૧૯ના નિયમોનું પાલન થાય તે સુનિશ્ચિત કરવા તમામ કલેક્ટરને સૂચના આપી, ઇન્સ્પેક્શન રિપોર્ટ પર પગલાં લેવા એક ઉચ્ચ કક્ષાની સમિતિની રચના કરવા માટે સૂચવેલ, જે મુજબ ઉચ્ચ કક્ષાની સમિતિની રચના કરવા બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ :

રાજયના નારી સંરક્ષણ ગૃહો સંદર્ભે ગુજરાત હાઇકોર્ટમાં દાખલ થયેલ PIL નં. ૩૨૧/૨૦૧૪ અન્વયે મેમ્બર સેક્રેટરી, ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરિટીએ રજૂ કરેલ તા. ૨૨/૦૯/૨૦૨૬ ના રિપોર્ટ પર પગલાં લેવા નીચે મુજબની ઉચ્ચ કક્ષાની સમિતિની આથી રચના કરવામાં આવે છે.

ક્રમ	અધિકારી અને વિભાગનું નામ	હોદો
૧	સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ	અધ્યક્ષ
૨	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના પ્રતિનિધિ	સભ્ય
૩	ગૃહ વિભાગના પ્રતિનિધિ	સભ્ય
૪	નાણા વિભાગના પ્રતિનિધિ	સભ્ય
૫	માર્ગ અને મકાન વિભાગના પ્રતિનિધિ	સભ્ય
૬	સબંધિત જીલ્લાના કલેકટર	સભ્ય
૭	નિયામક, મહિલા કલ્યાણ	સભ્ય સચિવ.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર મુખ્ય સચિવશ્રીની તા.૧૭/૧૦/૨૦૨૬ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમનાં નામે,

(નિર્વિશા પુરોહિત)

ઉપ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.રા.ક.મંત્રીશ્રી (મ.બા.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી,મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય,સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી,આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સબંધિત જિલ્લા કલેક્ટર,
- નિયામકશ્રી(મ.ક), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.-૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ તરફ વિભાગની વેબ સાઇટ પર અપલોડ કરવા સારૂ.
- સિલેક્ટ ફાઈલ.

Signature Not Verified

Signed by:Nirvisha Purohit
Under Secretary
Date:2026.11.02
15:45:03 +5:30

File No: WCDD/MIS/e-file/23/2026/1219/A (Women Wing)
Approved By: Deputy Secretary Incharge,A (Women Wing),WCDD

Open the document in Adobe Acrobat DC to verify the E-sign